Seat No. : _______________

# NC-124

**November-2021**

**B.A., Sem.-V**

**CC-302 : Gujarati**

(ભાષા વિજ્ઞાન)

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

## વિભાગ – I

**સૂચના :** નીચેના આઠ પૈકી કોઈપણ ત્રણ પ્રશ્નના ઉત્તર આપો : **14 × 3 = 42**

1. વિવિધ વ્યાખ્યાઓને આધારે 'ભાષા' ની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો. **14**

2. ટૂંકનોંધ લખો : **14**
   (1) ભાષાનું માનવવ્યવહારમાં સ્થાન
   (2) ભાષાનાં વિવિધ કાર્યો

3. ટૂંકનોંધ લખો : **14**
   (1) ધ્વનિ, ધ્વનિઘટક અને ઉપધ્વનિઘટક
   (2) ભાષા વ્યવસ્થાનાં સ્તર: ધ્વનિ, રૂપ, પદ, વાક્ય

4. ઉચ્ચારણ પ્રક્રિયાના અવયવો જણાવી ગુજરાતી ભાષાની ઉચ્ચારણ પ્રક્રિયા સમજાવો. **14**

5. ટૂંકનોંધ લખો : **14**
   (1) માન્યભાષા અને બોલી વચ્ચે તફાવત
   (2) ઉત્તર ગુજરાતની બોલી

6. ભારતીય આર્ય ભાષાકુળના વિકાસના વિભિન્ન તબક્કાઓનો પરિચય કરાવો. **14**

7. અપભ્રંશથી આજ સુધીના ગુજરાતીના ઉદ્ભવ અને વિકાસનો – વિવિધ લાક્ષણિકતાઓ સહિત – વિગતે પરિચય આપો. **14**

8. ટૂંકનોંધ લખો : **14**
   (1) સંયુક્ત વ્યંજનોનો લોપ અને પૂર્વસ્વરનું દીર્ઘત્વ
   (2) 'અઈ' અને 'અઉ' સ્વરયુગ્મોનું પરિવર્તન

## વિભાગ – II

9. નીચેના પૈકી કોઈપણ **આઠ** પ્રશ્નોના યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો : **8**

(1) 'असुर > अहुर', 'सोम > हओम' વગેરે જેવું સામ્ય કઈ બે ભાષામાં જોવા મળ્યું ?

(a) સંસ્કૃત – ગ્રીક (b) સંસ્કૃત – ઈરાની

(c) સંસ્કૃત – તમિલ (d) સંસ્કૃત – તિબેટી

(2) 'એવણ, તેવણ, તીવારે, બી, પોયરી' વગેરે કઈ બોલીના વિશિષ્ટ શબ્દો છે ?

(a) કાઠિયાવાડી (b) પટ્ટણી

(c) ચરોતરી (d) સુરતી

(3) અશોકના શિલાલેખમાં જોવા મળતી ભાષાનો સમયગાળો જણાવો.

(a) પૂર્વકાલીન પ્રાકૃત (b) મધ્યકાલીન પ્રાકૃત

(c) અંતિમકાલીન પ્રાકૃત (d) અપભ્રંશ

(4) આસામની 'ગારો' કે નાગાલેન્ડની 'નાગા', મિઝોરમની 'મિઝો' વગેરે ભાષાઓ કયા ભાષાકુળની ભાષા છે ?

(a) ભારતીય આર્ય (b) દ્રવિડ

(c) મોનખ્મેર (d) ચીની-તિબેટી

(5) ગુજરાતની કઈ પ્રાદેશિક બોલીના ભાષકો કર્મણિના ભૂતકૃદંતના '–ય–' પ્રત્યયને બદલે '–ણ–' પ્રત્યય (જેમ કે, લખાયું > લખાણું) પ્રયોજાય છે ?

(a) સૌરાષ્ટ્રી (b) ઉત્તર ગુજરાતી

(c) મધ્ય ગુજરાતી (d) દક્ષિણ ગુજરાતી

(6) ઈ.સ. 1014 માં કયા વિદ્વાને પોતાના ગ્રંથમાં 'अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गुर्जराः ।' કહીને ગુર્જરોના પોતાના અપભ્રંશનો ઉલ્લેખ કર્યો હતો ?

(a) ઉદ્યોતનસૂરિ (b) સિદ્ધરાજ જયસિંહ

(c) હેમચંદ્રાચાર્ય (d) ભોજ

(7) 'દુકાન વધાવવી', 'સારા દિવસ હોવા' – વગેરે ભાષા પ્રયોગોનો પ્રકાર જણાવો.

(a) જાર્ગન (b) પારસી

(c) સ્લેન્ગ (d) ટેબૂ

(8) 'પાડ' અને 'પ્હાડ' વચ્ચે અર્થભેદ કરનારી લાક્ષણિકતા જણાવો.

(a) મર્મરત્વ (b) નાસિક્યત્વ

(c) સ્પર્શત્વ (d) પ્રકંપીપણું

(9) 'ઘોડ્યે, બરકવું, પૂગવું, ગગો' વગેરે જેવા શબ્દો ગુજરાતી ભાષાની કઈ બોલીના ભાષકો પ્રયોજે છે ?

(a) કાઠિયાવાડી (b) પટ્ટણી

(c) ચરોતરી (d) સુરતી

(10) 'ભાષા એટલે સ્વૈચ્છિક રીતે ઉપજાવેલા સંકેતો દ્વારા વિચારો, લાગણીઓ અને એષણાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પદ્ધતિ' – વ્યાખ્યા આપનાર ભાષાવિજ્ઞાની જણાવો.

(a) સપિર (b) સ્તુર્તવાન

(c) હૉકેટ (d) હૉલ

(11) 'ક,ચ, ટ, ત, પ' – કયા વર્ગના ધ્વનિ છે ?

(a) અઘોષ – અલ્પપ્રાણ (b) અઘોષ – મહાપ્રાણ

(c) ઘોષ – અલ્પપ્રાણ (d) ઘોષ – મહાપ્રાણ

(12) 'અમીં', 'જાંઈ', 'પછેં' વગેરે પ્રયોગોમાં દેખાતું અનુસ્વારનું પ્રાબલ્ય કઈ બોલીની વિશેષતા છે ?

(a) કાઠિયાવાડી (b) પટ્ટણી

(c) ચરોતરી (d) સુરતી

(13) 'ગુજરાતી ભાષાની વિકાસની કઈ ભૂમિકા દરમિયાન 'ઈ' અને 'ઉ' – સ્વરના હ્રસ્વત્વ-દીર્ઘત્વના ભેદનો લોપ થયો છે ?

(a) પ્રથમ ભૂમિકા (b) બીજી ભૂમિકા

(c) ત્રીજી ભૂમિકા (d) અપભ્રંશોત્તર ભૂમિકા

(14) ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકા દરમિયાન 'જે શબ્દમાં પહેલા બે અક્ષરમાં 'આ' સ્વર હોય તો પહેલા 'આ' સ્વરનું 'અ' સ્વરમાં પરિવર્તન' થાય છે. – આ પરિવર્તન ધરાવતો વિકલ્પ જણાવો.

(a) जामातृक: > जामाईउ > જમાઈ (b) ताप: > तावउ >તાવ

(c) खादति > खाअई > ખાય (d) भाजनकम् > भाअणउं >ભાણું

(15) ગુજરાતી ભાષાવિકાસની કઈ ભૂમિકા દરમિયાન ગુજરાતીમાં તત્સમ શબ્દો અને સમાસરચના પ્રચૂર માત્રામાં નજરે પડે છે ?

(a) ભારતીય આર્ય પ્રથમ ભૂમિકા

(b) ભારતીય આર્ય બીજી ભૂમિકા

(c) ગુજરાતીના વિકાસની પ્રથમ ભૂમિકા

(d) ગુજરાતીના વિકાસની બીજી ભૂમિકા

(16) ગુજરાતની મુખ્ય ચાર પ્રાદેશિક બોલીઓ પૈકી કઈ બોલીમાં – 'અ' કારાન્ત શબ્દોના બહુવચનમાં 'માણહાં, ખેતરાં' માં જોઈ શકાય છે તેમ '-આં' પ્રત્યય પ્રયોજાય છે ?

(a) કાઠિયાવાડી (b) પટ્ટણી

(c) ચરોતરી (d) સુરતી